THIS IS A NEW SPECIFICATION

RECOGNISING ACHIEVEMENT

**ADVANCED GCE**

# GUJARATI

Listening, Reading and Writing 2

**F884**

Candidates answer on the Question Paper

**OCR Supplied Materials:**
- Special sheet (inserted)
- CD

**Other Materials Required:**
None

**Thursday 10 June 2010**
**Morning**

**Duration:** 2 hours 45 minutes

| Candidate Forename | | Candidate Surname | |
|---|---|---|---|

| Centre Number | | | | | | Candidate Number | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|

**INSTRUCTIONS TO CANDIDATES**

- Write your name clearly in capital letters, your Centre Number and Candidate Number in the boxes above.
- Use black ink.
- Read each question carefully and make sure that you know what you have to do before starting your answer.
- Answer **all** the questions in Section A and B and **one** question in Section C.
- Do **not** write in the bar codes.
- Write your answer to each question in the space provided. Additional paper may be used if necessary but you must clearly show your Candidate Number, Centre Number and question number(s).

**INFORMATION FOR CANDIDATES**

- The number of marks is given in brackets **[ ]** at the end of each question or part question.
- The total number of marks for this paper is **160**.
- There are three sections in this paper.
  **SECTION A: 38 Marks Listening and Writing**
  **SECTION B: 77 Marks Reading and Writing**
  **SECTION C: 45 Marks Writing**
- This document consists of **24** pages. Any blank pages are indicated.

© OCR 2010 [K/500/8404]
DC (SJF5513/KN) 13414/3
OCR is an exempt Charity

## Section A: Listening and Writing

*Recommended time for Section A: 30 minutes*

### Task 1: Listening

**INDIAN PROGRAMMES ON TELEVISION**

**Listen to the recording and answer the following questions IN ENGLISH.** **[6 marks]**

**(a)** How does the speaker compare her life in India with her life here in Britain 40 years ago?

.......................................................................................................................................

....................................................................................................................................... **[2]**

**(b)** Why did she enjoy cooking in the evenings?

....................................................................................................................................... **[1]**

**(c)** In addition to having language difficulties why did she not appreciate television comedies?

....................................................................................................................................... **[1]**

**(d)** Why did she feel happy when watching “Movie Mahal”?

....................................................................................................................................... **[1]**

**(e)** What effect does she think the increase in Indian Channels is having on young Indians?

....................................................................................................................................... **[1]**

© OCR 2010

**સવાલ ૨ : શ્રવણબોધન**

**વસ્તુઓનો પુન:ઉપયોગ**

**વાર્તાલાપ સાંભળીને નીચે આપેલા સવાલોના જવાબ <u>ગુજરાતીમાં</u> લખો**

**[૨૨ ગુણ વાચનબોધ માટે અને ૧૦ ગુણ ભાષાની ગુણવત્તા માટે]**

**(ક)** દાદીમા સૂરજને શાના વિશે પૂછે છે?

........................................................................................................................ **[૧]**

**(ખ)** દાદીમાના કહેવા પ્રમાણે ભારતમાં વસ્તુઓના પુન:ઉપયોગ માટેની સેવાઓ ક્યાં મળવાની શક્યતા છે?

........................................................................................................................ **[૧]**

**(ગ)** દાદીમાને શા માટે લાગે છે કે તેઓ જ્યાં રહે છે ત્યાં આવી સેવાની જરૂર નથી?

........................................................................................................................ **[૧]**

**(ઘ)** સૂરજને ઘેર આટલા બધા નકામા કાગળો ભેગા થવાનાં **બે** કારણો આપો.

**(૧)** ........................................................................................................................ **[૧]**

**(૨)** ........................................................................................................................ **[૧]**

**(ચ)** ગામમાં સૂરજનાં દાદીમાને નકામા કાગળોથી કઈ રીતે ફાયદો થતો?

........................................................................................................................ **[૧]**

**(છ)** તેમના નકામા કાગળો કઈ રીતે ફરીથી ઉપયોગમાં લેવાય છે?

........................................................................................................................

........................................................................................................................ **[૨]**

© OCR 2010

(જ) સૂરજનાં દાદીમા લંડનમાં અને તેના ગામમાં થતી ખરીદીની સરખામણી કેવી રીતે કરે છે?

........................................................................................................................

........................................................................................................................ [૨]

(ઝ) ઘરમાં ખાતર માટેનું પીપ આવ્યું તે પહેલાં દાદીમાને કઈ બાબતે દુખ થતું?

........................................................................................................................ [૧]

(ટ) ગામનાં ઢોર સૂરજનાં દાદીમાને કઈ રીતે મદદ કરતાં?

........................................................................................................................ [૧]

(ઠ) લંડનમાં વધેલા ખાવાનાનું શું શું કરવામાં આવે છે? **બે** વિગતો આપો.

........................................................................................................................

........................................................................................................................ [૨]

(ડ) ભારતમાં સૂરજનાં દાદીમા વધેલા ખાવાનાનું શું શું કરી શકે?

........................................................................................................................

........................................................................................................................ [૨]

(ઢ) દાદીમાને શા માટે આ વધારે પસંદ છે?

........................................................................................................................

........................................................................................................................ [૨]

© OCR 2010

**(ણ)** ભારતમાં કોઈના પહેરેલાં/વાપરેલાં કપડાંનું શું કરવામાં આવે છે?

............................................................................................................................................ **[૧]**

**(ત)** બ્રિટનમાં ન જોઈતાં હોય તેવાં કપડાંનું શું કરવામાં આવે છે?

............................................................................................................................................

............................................................................................................................................

............................................................................................................................................ **[3]**

**Section A Total: 38 Marks**

© OCR 2010

## Section B: Reading and Writing

*Recommended time for Section B: 1 hour and 15 minutes.*

**In Section B there are 10 marks for the Quality of Language.**

**સવાલ ૩ થી ૭**

**સવાલ ૩ થી ૭માં બધા જ સવાલો એક જ લેખ “ ‘ડિએનએ’ (DNA) અને મનુષ્ય” પર આધારિત છે.**
**નીચેનો લેખ વાંચો.**

### ‘ડિએનએ’ (DNA) અને મનુષ્ય

૧ અમુક ધર્મશાસ્ત્રો પ્રમાણે ઈશ્વરે આ જગતનું સર્જન કર્યું છે અને તે તેનું સંચાલન પણ કરે છે, અને ઘણા લોકો આ વાતમાં પૂરી શ્રદ્ધા ધરાવે છે. ઈ.સ. ૧૮૫૮માં ડાર્વિને તેમના ‘ઓરીજીન ઓફ સ્પીસીઝ’ ગ્રંથમાં આપણને ઉત્ક્રાંતિના સિદ્ધાંતોની ઓળખ કરાવી. કેટલાક વૈજ્ઞાનિકોએ એવું સૂચન કર્યું કે ઈશ્વર કદાચ હોય તો પણ તે પોતે કંઈ જ કરતા નથી. તેઓ તો ફક્ત સાક્ષી બનીને બધું જોતા જ રહે છે. ત્યાર પછી વીસમી સદીમાં જેમ્સ વોટસન અને ફ્રાન્સિસ ક્રિકએ ‘ડીએનએ’ વિશે એક લેખ લખ્યો જેમાં તેમણે એવું સૂચન કર્યું કે આ જગતની દરેક સજીવ કે નિર્જીવ વસ્તુઓ રસાયણિક પ્રક્રિયાના (chemical reactions) પરિણામ રૂપે જ છે. ‘ડીએનએ’એ સરસ કામ એ કર્યું કે તેણે મનુષ્યનો પૂર્વજ (ancestor) કોણ હતું શોધી કાઢ્યું અને એમ પણ બતાવી આપ્યું કે પ્રથમ મનુષ્ય આફ્રિકામાં જન્મ્યો હતો અને તેનો વંશવેલો ત્યાંથી આખી દુનિયામાં પ્રસર્યો હતો.

૨ ‘ડીએનએ’ના બંધારણની શોધને કારણે ઘણા ફાયદા થયા છે. ‘ડીએનએ’ પોતાની જિનેટિક માહિતી એક પેઢીથી બીજી પેઢી સુધી કેવી રીતે મોકલે છે તે જાણવા મળ્યું અને તેથી તંદુરસ્તીને લગતા કેટલાયે જૂના સવાલોના ઉકેલ મળવા લાગ્યા. રોગ નિદાન કરવાની, રોગને રોકવાની તથા તેની સારવારની નવી રીતો પ્રાપ્ત થઈ. ડાયાબિટિસ જેવા વારસાગત રોગો દર્દીના બાળકોને થવાની શક્યતા છે એવું પૂરવાર થયું એટલે લોકોમાં વહેળાસરના નિદાન વિશે જાગૃતિ ફેલાવવામાં આવી. અત્યારે ડોક્ટરો દર્દીની જિનેટિક માહિતી પરથી તેને માફક આવે તેવી અંગત જરૂરિયાત પ્રમાણે સારવાર અને દવા આપી શકે છે.

3 ‘ડીએનએ’ની મદદથી જીવજંતુ ખાઈ ન જાય એવાં બિયાં બનાવવામાં આવ્યાં તેથી અનાજનું ઉત્પાદન વધ્યું અને બગાડ ઓછો થયો. વળી દવાઓ ખરીદીને છાંટવાની જરૂર ન રહેવાથી હવામાં પ્રદૂષણ વધવાની ચિંતા રહેતી નથી.

૪ ‘ડીએનએ’ને કારણે ગુનેગારોને પકડવાનું સહેલું બન્યું છે. શરીરના બધા જ ભાગોમાં એકસરખું ‘ડીએનએ’ હોય છે, ‘ડીએનએ’ને બદલી શકાતું નથી અને બેલડા બાળકો સિવાય કોઈ પણ બે જણનું ‘ડીએનએ’ સરખું હોતું નથી એટલે ‘ડીએનએ’ પરથી તેના માલિકને ઓળખી લેવાય છે. આ બધાં કારણોને લીધે ખરા ગુનેગારને પકડવાનું અને નિર્દોષ વ્યક્તિને છોડી દેવાનું ચોકસાઈથી કરી શકાય છે. આ ઉપરાંત બીજી અનેક રીતે ‘ડીએનએ’નો ફાયદો ઉઠાવી શકાય તેમ છે પણ સાથે સાથે તેમાં કેટલુંક જોખમ પણ છે. બ્રિટનના બધા રહેવાસીઓના ‘ડીએનએ’ની માહિતીની નોંધ રાખવાની બાબત ખૂબ ચર્ચાસ્પદ બની છે. જે લોકો આ માહિતી ભેગી કરીને રાખશે તે લોકો જ ખોટી રીતે તેનો ફાયદો નહિ ઉઠાવે તેની શી ખાતરી?

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ ‘ઈન્સર્ટ શીટ’ પર આપી છે.**

© OCR 2010

સવાલ 3

ફકરો પહેલો

**દરેક સવાલ માટે લેખ પ્રમાણે યોગ્ય ખાનામાં ચિહ્ન (✓) મૂકો.** **[૬ ગુણ]**

**(ક)** કોઈક ધર્મગ્રંથો કહે છે કે

**ક** ભગવાન આ દુનિયા ચલાવે છે. ☐
**ખ** ભગવાને આ દુનિયા બનાવી નથી. ☐
**ગ** ભગવાન ફક્ત સાક્ષી જ બને છે. ☐

**(ખ)** ડાર્વિને

**ક** ધર્મશાસ્ત્રો લખ્યાં. ☐
**ખ** ઉત્ક્રાંતિ વિશે લખ્યું. ☐
**ગ** 'ડિએનએ' વિશે લખ્યું. ☐

**(ગ)** ડાર્વિનના ગ્રંથ પછી કેટલાક વૈજ્ઞાનિકો માનવા લાગ્યા કે

**ક** ઈશ્વરે મનુષ્યનું સર્જન કર્યું છે. ☐
**ખ** ઈશ્વર જ દુનિયાનો નાશ કરે છે. ☐
**ગ** ઈશ્વર કંઈ કર્યા વગર બધું જોયા કરે છે. ☐

**(ઘ)** વોટસન અને ક્રીકએ સમજાવ્યું કે સજીવ વસ્તુઓ

**ક** ફક્ત ઈશ્વરને કારણે છે. ☐
**ખ** રસાયણિક પ્રક્રિયાને કારણે છે. ☐
**ગ** રસાયણયુક્ત નથી. ☐

**(ચ)** 'ડીએનએ'ની શોધને કારણે

**ક** નિર્જીવ વસ્તુઓને જીવંત કરી શકાઈ. ☐
**ખ** લોકોએ માન્યું કે ભગવાન છે જ નહિ. ☐
**ગ** મનુષ્યની ઉત્પત્તિ વિશે જાણી શકાયું. ☐

**(છ)** 'ડીએનએ'એ બતાવ્યું કે

**ક** પહેલા માનવના પૂર્વજે આફ્રિકામાં સ્થળાંતર કર્યું હતું. ☐
**ખ** પહેલા માનવનું જન્મ સ્થળ આફ્રિકા છે. ☐
**ઘ** પહેલા માનવના વારસદાર ફક્ત આફ્રિકામાં જ રહ્યા. ☐

© OCR 2010

સવાલ ૪

ફકરો પહેલો

નીચે શબ્દો આપ્યા છે તેના સમાન અર્થવાળા શબ્દો પહેલા ફકરામાંથી શોધીને લખો. [૯ ગુણ]

(ક) પ્રભુ ........................... [૧]

(ખ) દુનિયા ........................... [૧]

(ગ) આસ્થા ........................... [૧]

(ઘ) પુસ્તક ........................... [૧]

(ચ) પ્રસ્તાવ ........................... [૧]

(છ) નજરે જોનાર ........................... [૧]

(જ) જડ ........................... [૧]

(ઝ) માણસ ........................... [૧]

(ટ) ફેલાયો ........................... [૧]

તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ ‘ઈન્સર્ટ શીટ’ પર આપી છે.

© OCR 2010

**સવાલ ૫**

**ફકરો બીજો**

**લેખ પ્રમાણે ખાલી જગ્યા પૂરો.** **[૫ ગુણ]**

'ડીએનએ' પોતાની વિગતો એક પેઢીથી બીજી પેઢીને **(ક)** .................... આપે છે. 'ડીએનએ'ની શોધને કારણે સ્વાસ્થ્યને લગતી કેટલીયે **(ખ)** .................... ઉકેલી શકાઈ. જૂના દર્દોની સારવાર માટે નવી રીતો **(ગ)** .................... લાગી. વારસાગત રોગો 'ડીએનએ'ને **(ઘ)** .................... છે એવું પુરવાર થયું છે. અત્યારે દરેક દર્દીને તેની પોતાની જિનેટિક માહિતી **(ચ)** .................... દવા આપી શકાય છે.

**સવાલ ૬**

**ફકરો બીજો**

**નીચેનાં વાક્યોને લેખ પ્રમાણે પૂરાં કરો.** **[૫ ગુણ]**

**(ક)** 'ડીએનએ'ના બંધારણની શોધને લીધે સ્વાસ્થ્યના પ્રશ્નો ........................................................ **[૧]**

**(ખ)** રોગને પારખવા માટે ........................................................................................ **[૧]**

**(ગ)** ડાયાબિટિસ એક ............................................................................................ **[૧]**

**(ઘ)** આવા રોગોનું સમયસર નિદાન શક્ય બન્યું છે કારણ કે લોકો ................................................ **[૧]**

**(ચ)** ડોક્ટરો પાસે જિનેટિક માહિતી હોવાને કારણે દર્દીને ............................................................ **[૧]**

© OCR 2010

**સવાલ ૭**

**ફકરા ત્રીજો અને ચોથો**

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.** **[૧૦ ગુણ]**

**(ક)** 'ડીએનએ' કયા કયા લાભ લાવ્યું છે?

**(૧)** ખેડૂતો માટે? ત્રણ વિગતો આપો.

.......................................................................................................................

.......................................................................................................................

....................................................................................................................... **[3]**

**(૨)** વાતાવરણ માટે?

....................................................................................................................... **[૧]**

**(ખ)** **(૧)** 'ડીએનએ'ની શોધ પોલિસતંત્રને શા માટે ફાયદાકારક લાગે છે?

....................................................................................................................... **[૧]**

**(૨)** 'ડીએનએ' પરથી લોકોની ઓળખ શા માટે ચોકસાઈપૂર્વક કરી શકાય છે? ત્રણ કારણો આપો.

.......................................................................................................................

.......................................................................................................................

....................................................................................................................... **[3]**

**(ગ)** 'ડીએનએ'ને લગતી કઈ વાતે બ્રિટનના બધા લોકો સહમત થતા નથી અને શા માટે?

.......................................................................................................................

....................................................................................................................... **[૨]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2010

BLANK PAGE

PLEASE DO NOT WRITE ON THIS PAGE

© OCR 2010

**સવાલ ૮ થી ૧૧**

**સવાલ ૮ થી ૧૧માં બધા જ સવાલો એક જ લેખ "આપણું ગુજરાત" પર આધારિત છે.**
**નીચે આપેલો લેખ વાંચો.**

**"આપણું ગુજરાત"**

૧ લગભગ ૧૧૦૦ વર્ષ પહેલાં કેટલાક પરદેશીઓ ઈરાનથી નાસીને દક્ષિણ ગુજરાતના સંજાણ બંદરે આવી ઉતર્યા. તેઓ તેમની સાથે પોતાનો પવિત્ર અગ્નિ લાવ્યા હતા. આવીને ત્યાંના રાજા પાસે આશ્રય માગ્યો તેના જવાબમાં રાજાએ દૂધથી છલોછલ ભરેલો કટોરો મોકલ્યો, એમ કહેવા માટે કે રાજ્યમાં તેમને માટે જગ્યા થઈ શકે તેમ નથી. પરદેશી પારસીઓએ દૂધમાં સાકર મેળવીને કટોરો પાછો મોકલ્યો અને કહ્યું કે તેઓ દૂધમાં સાકરની જેમ ભળી જશે. ઈતિહાસ સાક્ષી પૂરે છે કે આ પારસીઓ સાચે જ અહીંની પ્રજામાં સાકરની જેમ ભળી ગયા અને તેમણે ગુજરાતને મહાન દેશભકતો, ઉદ્યોગપતિઓ, વૈજ્ઞાનિકો, કવિઓ વગેરે આપ્યા.

૨ સર ટોમસ રો ૧૬૧૬માં બાદશાહ જહાંગીર પાસેથી વ્યાપારની પરવાનગી મેળવવા સૂરત આવ્યા અને પરવાનો મળતા જ અંગ્રેજોએ સૂરતમાં પહેલી વ્યાપારી કોઠી નાખી. વખત જતા અંગ્રજો ભારતના શાસકો બની ગયા. ગુજરાતના પોરબંદર શહેરના વાણિયા, મહાત્મા ગાંધીજીએ, સ્વરાજ માટેની ચળવળમાં લોકોમાં ખૂબ જોમ પૂર્યું. અને ગુજરાતના એ પુત્રએ અમદાવાદથી પગપાળા દાંડી પહોંચી સમૂદ્રકિનારે ગેરકાયદેસર ચપટી મીઠું ઉપાડ્યું અને સાથે સાથે સલ્તનતની નીંદર ઉડાડી નાખી. તે વખતે સામાન્ય જણાતી આ વાત અત્યારે આખું વિશ્વ પ્રેરણાની એક ગાથા તરીકે વધાવે છે.

3 ગુજરાતના ઈતિહાસમાં અનેક <u>ગૌરવ કથાઓ</u> લખેલી છે. વર્ષોથી ચારે બાજુથી <u>વિદેશીઓ ચઢાઈ કરતા</u> રહ્યા અને ગુજરાતની સમાજવ્યવસ્થાને <u>અસ્તવ્યસ્ત કરવા</u> પ્રયત્ન કરતા રહ્યા. એ દરેક વખતે સમાજને જાળવી રાખવા ગુજરાતના વીર પુરુષો <u>જાનની બાજી ખેલ્યા</u>, સંતજનોએ સદઆચરણનો સંદેશો ફેલાવવા ઠેર ઠેર વ્યાખ્યાનો અને <u>ભક્તિસંગીતની નદીઓ વહાવી,</u> તો બહાદુર સ્ત્રીઓએ <u>ગૃહજીવનનું જતન કર્યું</u>.

૪ ગુજરાત રાજ્યની સ્થાપનાને ૪૮ વર્ષ થયાં. એ સમયમાં ગુજરાતે ઘણી વખત દુકાળ જેવી પ્રાકૃતિક આપત્તિ સહન કરી છે અને ક્વચિત્ કોમી હુલ્લડોનો સામનો પણ કર્યો છે. પણ હર વખત ગુજરાત ફરીથી ઊભું થયું છે. લોકોની મહેનતને કારણે સુરતમાં પાપડ બનાવવાથી માંડીને જામનગરના પેટ્રોલ ઉદ્યોગ સુધીના અનેક ધંધા ગુજરાતમાં વિકસ્યા છે. પણ ગુજરાતીઓએ તકેદારી રાખવી પડશે કે અમુક જાતના ઉદ્યોગો તેમના પોતાનાં શરીર-મનને હાનિ ન પહોંચાડે અને અન્ય જીવોનો વિનાશ ન નોતરે.

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2010

**Task 8: Transfer of meaning**

**Paragraph 1**

**Transfer into English the meaning of the first three sentences in the first paragraph from**

‘લગભગ ૧૧૦૦ વર્ષ પહેલાં  કેટલાક પરદેશીઓ’ **to** ‘રાજ્યમાં તેમને માટે જગ્યા થઈ શકે તેમ નથી’

**Marks are awarded for accurate transfer of meaning and for the quality of your written English.**
**[10 marks]**

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

................................................................................................................................................................

© OCR 2010

સવાલ ૯

ફકરો બીજો

**નીચે આપેલાં વાક્યોને લેખ પ્રમાણે પૂરાં કરવાં ખાલી જગ્યામાં તમારા પોતાના એક અથવા વધારે શબ્દો લખો.** **[૬ ગુણ]**

(ક) અંગ્રેજો સૌ પ્રથમ .............................. હેતુથી ગુજરાત આવ્યા હતા. [૧]

(ખ) સમય જતાં અંગ્રેજો ભારત દેશ પર .............................. લાગ્યા. [૧]

(ગ) ગાંધીજીએ ભારતની સ્વતંત્રતા માટે લોકોમાં .............................. ફેલાવ્યો. [૧]

(ઘ) ગાંધીજીએ અમદાવાદથી દાંડી સુધીની .............................. પગે ચાલીને કરી હતી. [૧]

(ચ) ગાંધીજીએ દાંડીના દરિયાકિનારે મીઠું લઈને કાયદાનો .............................. . [૧]

(છ) આ સામાન્ય લાગતી વાતને આજે આખી .............................. પ્રેરણારૂપે વધાવે છે. [૧]

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2010

સવાલ ૧૦

ફકરો ત્રીજો

**નીચે આપેલા શબ્દસમૂહો લેખમાં લીટી દોરીને બતાવવામાં આવ્યા છે. દરેકને <u>તમારા પોતાના શબ્દોમાં ગુજરાતીમાં</u> સમજાવો.**

**[૬ ગુણ]**

**(ક)** ગૌરવ કથાઓ

........................................................................................................................

........................................................................................................................ **[૧]**

**(ખ)** વિદેશીઓ ચઢાઈ કરતા

........................................................................................................................

........................................................................................................................ **[૧]**

**(ગ)** અસ્તવ્યસ્ત કરવા

........................................................................................................................

........................................................................................................................ **[૧]**

**(ઘ)** જાનની બાજી ખેલ્યા

........................................................................................................................

........................................................................................................................ **[૧]**

**(ચ)** ભક્તિસંગીતની નદીઓ વહાવી

........................................................................................................................

........................................................................................................................ **[૧]**

**(છ)** ગૃહજીવનનું જતન કર્યું

........................................................................................................................

........................................................................................................................ **[૧]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ 'ઈન્સર્ટ શીટ' પર આપી છે.**

© OCR 2010

**સવાલ ૧૧**

**ફકરો ત્રીજો અને ચોથો**

**નીચે આપેલા સવાલોના જવાબ ગુજરાતીમાં લખો. શક્ય હોય ત્યાં સુધી તમારા પોતાના શબ્દોમાં જવાબ આપો.**

**[૧૦ ગુણ]**

**(ક)** વર્ષોથી ગુજરાતના લોકોને પરદેશીઓ તરફથી કઈ કઈ મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો?

....................................................................................................................................

.................................................................................................................................... **[૨]**

**(ખ)** લોકજીવનની વ્યવસ્થા તૂટી ન જાય તે માટે કોણે કોણે મહેનત કરી અને તેઓએ શું કર્યું હતું?

....................................................................................................................................

....................................................................................................................................

.................................................................................................................................... **[3]**

**(ગ)** ગુજરાતની કુદરતી આફત શાને કારણે સર્જાય છે?

.................................................................................................................................... **[૧]**

**(ઘ)** “હર વખત ગુજરાત ફરીથી ઊભું થયું છે” એમ લખીને લેખક શું કહેવા માગે છે?

.................................................................................................................................... **[૧]**

**(ચ)** ગુજરાત પાસે ઉદ્યોગોની વિવિધતા છે એમ શાના પરથી કહી શકાય?

.................................................................................................................................... **[૧]**

**(છ)** ઉદ્યોગોના વિકાસ બાબતે ગુજરાતીઓએ શા માટે કાળજી લેવી પડશે?

....................................................................................................................................

.................................................................................................................................... **[૨]**

**તમારું કામ સહેલું કરવા માટે ઉપરના વાર્તાલાપની નકલ ‘ઈન્સર્ટ શીટ’ પર આપી છે.**

**Section B Total: 77 Marks**

© OCR 2010

## Section C: Writing

*Recommended time for Section C: 1 hour*

**નીચે આપેલા સવાલોમાંથી કોઈ પણ એક સવાલ પર ગુજરાતીમાં નિબંધ લખો.**

**તમારે ઓછામાં ઓછા ૨૫૦ શબ્દો લખવા જોઈએ. તમારે ૪૦૦થી વધારે શબ્દો ન લખવા એવી ભલામણ અમે કરીએ છીએ.**

**સવાલ ૧૨ સમાજ: એકતા અને અલગતા**

"ધાર્મિક સહનશીલતા એ ભારતીય બંધારણનો મહત્ત્વનો ભાગ છે."
જુદી જુદી ધાર્મિક સંસ્થાઓ વચ્ચેના સંબંધમાં આ સહનશીલતા ક્યાં ક્યાં જોવા મળે છે અને બંધારણની અપેક્ષાઓ કેટલે અંશે ફળીભૂત થાય છે તે કહો.

**સવાલ ૧૩ સમાજ: કાયદો અને વ્યવસ્થા**

તમારા સ્થાનિક ગુજરાતી સમાચાર પત્ર માટે, બ્રિટનમાં છરી – ચાકુ વડે થતા ગુનાઓના વિષય પર એક લેખ લખો. તમારા લેખમાં આ ગુનાઓનાં કારણો અને સંભવિત ઉકેલોનું પૃથક્કરણ કરો.

**સવાલ ૧૪ પર્યાવરણ: ઉર્જા વ્યવસ્થા**

"કહેવાય છે કે આપણી પાસે તેલ, વાયુ, કોલસા વગેરેનો પૂરવઠો છે તે હંમેશ માટે રહેવાનો નથી. તે કારણે બીજી રીતે વીજળી ઉત્પન્ન કરવાના પ્રયત્નો થઈ રહ્યા છે."
આ માટે ક્યા ક્યા પ્રયત્નો થઈ રહ્યા છે અને તે તમને કેટલા અસરકારાક લાગે છે તે કહો.

**સવાલ ૧૫ પર્યાવરણ: કુદરતી દુનિયાનું રક્ષણ**

તમારી નિશાળના સામયિક માટે એક લેખ લખો. લેખમાં, આ જગતનાં જીવજંતુઓ અને વનસ્પતીના વિનાશ માટે મનુષ્ય સૌથી વધારે જવાબદાર છે એ વિચાર વ્યક્ત કરો અને તેનું સમર્થન કરો.

© OCR 2010

**સવાલ ૧૬ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિજ્ઞાન: પ્રૌદ્યોગિક વિકાસ**

"ઈન્ટરનેટ માનવ માટે ઘણા બધા લાભ લાવ્યું છે."
આધુનિક જીવન પર ઈન્ટરનેટની અસરનું પૃથક્કરણ કરો. તેના લાભ અને ગેરલાભ બંન્નેનો ઉલ્લેખ કરો અને તમારા વિચારોનું સમર્થન કરો.

**સવાલ ૧૭ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિક વિજ્ઞાન: તબીબી વિજ્ઞાનની પ્રગતિ**

એક વેબસાઈટ માટે તમારા વિચારો ફાળવો જેમાં તમે દલીલ કરો છો કે સૌંદર્યવર્ધક શસ્ત્રક્રિયા માટેના તબીબી સંશોધનમાં વપરાતા પૈસા ખરેખર બગડે છે અને તેને બદલે તે પૈસા કેન્સરના ઈલાજ માટે વપરાવા જોઈએ.

**સવાલ ૧૮ સંસ્કૃતિ: ઈતિહાસ અને વારસો**

"બ્રિટનના ગુજરાતીઓએ તેમના સાંસ્કૃતિક વારસાને ટકાવી રાખ્યો છે."
તમે શું માનો છો? બ્રિટનના ગુજરાતીઓનાં રિવાજ, રહેણીકરણી, અને ધર્મને ધ્યાનમાં રાખી તમારો અભિપ્રાય આપો અને તેનું સમર્થન કરો.

**સવાલ ૧૯ સંસ્કૃતિ: રાજકારણ**

સ્થાનિક અથવા રાષ્ટ્રીય ક્ષેત્રે બ્રિટિશ રાજકારણમાં વધારે ગુજરાતી સભ્યોનો સમાવેશ થાય તેવી માંગણી કરતો એક લેખ લખો. લેખમાં સમજાવો કે શા માટે આ લાભદાયી થશે અને તમારા વિચારોનું સમર્થન કરો.

**Relevance and point of view: 10 marks**
**Structure and Analysis: 15 marks**
**Quality of Language (accuracy): 10 marks**
**Quality of Language (range): 10 marks**

**Section C Total: 45 Marks**

© OCR 2010

© OCR 2010

© OCR 2010

© OCR 2010

© OCR 2010

**BLANK PAGE**

**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

© OCR 2010

**PLEASE DO NOT WRITE ON THIS PAGE**

RECOGNISING ACHIEVEMENT

**Copyright Information**

OCR is committed to seeking permission to reproduce all third-party content that it uses in its assessment materials. OCR has attempted to identify and contact all copyright holders whose work is used in this paper. To avoid the issue of disclosure of answer-related information to candidates, all copyright acknowledgements are reproduced in the OCR Copyright Acknowledgements Booklet. This is produced for each series of examinations, is given to all schools that receive assessment material and is freely available to download from our public website (www.ocr.org.uk) after the live examination series.

If OCR has unwittingly failed to correctly acknowledge or clear any third-party content in this assessment material, OCR will be happy to correct its mistake at the earliest possible opportunity.

For queries or further information please contact the Copyright Team, First Floor, 9 Hills Road, Cambridge CB2 1GE.

OCR is part of the Cambridge Assessment Group; Cambridge Assessment is the brand name of University of Cambridge Local Examinations Syndicate (UCLES), which is itself a department of the University of Cambridge.

© OCR 2010